सत्यमेव जयते

| | |
|---|---|
| રજૂ તારીખ :- | ૧૪.૦૩.૨૦૨૪ |
| દાખલ તારીખ:- | ૧૪.૦૩.૨૦૨૪ |
| જજમેન્ટ તારીખ:- | ૦૯.૦૪.૨૦૨૬ |
| આંક:- | ૩૮ |

---

## ખંભાળીયાના મે.એડી. સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ખંભાળીયા

---

**<u>CMA NO.</u>**-34/2024

**આંક:- ૩૮**

**<u>અરજદાર :-</u>**

**કીશોરભાઈ છોટાલાલ મહેતા,**
ઉ.વ.પુખ્ત, ધંધો-નિવૃત,
રે. એ-૪૦૪, શ્રી અજીત એપાર્ટમેન્ટ,
રામકૃષ્ણનગર(વેસ્ટ-૨), વીરાણી સ્કુલ પાછળ,
રે.તા.જી. રાજકોટ.

**બાબત: નિશાની-અ મા જણાવેલ સ્થાવર-જંગમ મિલકતનું સકસેશન સર્ટીફિકેટ મળવા અંગે**

---

અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી:- **પી.ડી.બુધ્ધભટ્ટી**

સામેવાળા તરફે વિદ્વાન વકીલ શ્રી :- કોઈ નહિ.

---

એડી. સીવીલ જજ
ખંભાળીયા

## -: ચુકાદો :-

**અરજીની હકીકતઃ-**

(૧.૧) અરજદાર વાળા રાજકોટ માં ઉપર જણાવેલ સરનામે પરિવાર સાથે રહે છે તેમજ અરજદાર ગુજરનાર છોટાલાલ જેસંગભાઈ મહેતા ના સીધી લીટી ના વારસદારો હોય, તેમજ અરજદાર સહીત ગુજરનાર છોટાલાલ જેસંગભાઈ મહેતા ને બે પુત્રી તથા બે પુત્ર છે. જે પૈકી ના પ્રબોધભાઈ છોટાલાલ મહેતા નુ તા.૦૩/૦૨/૧૮ ના રોજ અવસાન થયેલ છે તેમજ અન્ય ગુજ. છોટાલાલ મહેતા ના વારસદારો પૈકી પુત્રી ચંદનબેન તેમજ પુર્વીબેન ને અરજદાર જોગ નુ વારસા પત્ર મળે તેમા અન્ય હૈયાત વારસદારો ને કોઈ વાંધો તકરાર ન હોય, તે રીતે હાલ ની અરજી અરજદાર દવારા હીન્દુ સકશેસન એકટ અન્વયે ના આડી લીટી ના વારસદાર દરજજે લાવેલા છે. અરજદાર ના ભાઈ પ્રબોધભાઈ ઉર્ફે પ્રમોદભાઈ છોટાલાલ મહેતા નુ તા.૦૩/૦૨/૧૮ ના રોજ અવસાન થયેલ હોય, તેમજ તેમના પત્નિ કલ્પનાબેન વા/ઓ પ્રબોધ ઉર્ફે પ્રમોદભાઈ નુ પણ તા.૧૫/૦૧/૨૨ ના રોજ અવસાન થયેલ હોય, તેમજ મજકુર અરજદારના ગુજરનાર ભાઈ તથા ભાભી નીઃસંતાન અવસાન પામેલ છે. જેઓની સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, સેન્ટ્રલબેંક ઓફ ઈન્ડીયા, જામખંભાળીયા, બેંક ઓફ બરોડા, જામખંભાળીયા મુકામે ખાતા આવેલ હોય, તેમજ અરજદારના ગુજરનાર ભાભી કલ્પના બેન વા/ઓ પ્રબોધ ઉર્ફે પ્રમોદભાઈ ના જોગ ના એફ.ડી. આવેલ હોય, જે અરજદાર ગુજરનાર ના આડી લીટી ના વારસદાર હોય, તેમજ ગુજરનાર અરજદારના ભાઈ તથા ભાભી નીઃસંતાન અવસાન પામેલ હોય, જેથી અરજદાર તેઓની ઉપરોકત જંગમ મીલકત મેળવવા હકકદાર બનતા હોય, જેમા ગુજ. છોટાલાલ જેસંગભાઈ મહેતા ના અન્ય વારસદારો ને કોઈ વાંધો તકરાર ન હોય, નીચેની વિગતો વાળી ગુજરનાર ની જંગમ મીલકતો નુ સકસેશન સર્ટીફીકેટ અમો અરજદાર તેઓના આડલીટી ના વારસદારો દરજજે અરજદાર હાલની અરજી મા જણાવેલ મીલકત માટે વારસાપત્ર

મેળવવા હકકદાર બને છે.

ગુજ. છોટાલાલ જેસંગભાઈ મહેતા ના વારસદારોની વિગત નીચે મુજબ છે.

૧) કીશોરભાઈ છોટાલાલ મહેતા (પુત્ર) (હાલના અરજદાર )

૨) પ્રબોધ ઉર્ફે પ્રમોદભાઈ છોટાલાલ મહેતા (પુત્ર) અવસાન પામેલ છે.

૩) ચંદનબેન ડો/ઓ છોટાલાલ મહેતા વા/ઓફ: પ્રવીણચંદ્ર દોશી (પુત્રી)

૪) પુર્વીબેન ડો/ઓઃ છોટાલાલ મહેતા વા/ઓ:જયરાજભાઈ વસા (પુત્રી)

(૧.૨) અરજદાર દ્ધારા આ સાથે શેડયુઅલ – ' અ ' માં જણાવેલ વિગતો વાળા સર્ટીફીકેટ તેમજ બેંક ખાતા, તેમજ લોકર ની વિગતે મજકુર તમામ ખાતા તેમજ સર્ટીફીકટ ગુજરનાર પ્રબોધભાઈ ઉર્ફે પ્રમોદભાઈ તેમજ કલ્પનાબેન પ્રબોધ ઉર્ફે પ્રમોદભાઈ ના નામજોગ ના હોય, જે તમામ બેંક ખાતા મા નીશાની– અ મા જણાવેલ વિગતો સિવાય લોકર મા તેમજ ખાતાઓ મા જે કાંઈપણ એફ.ડી.આર. વિગેરે મળી આવે તે તમામ અને ગુજરનાર ના નામ ના આવેલ તમામ સર્ટીફીકેટો અમો અરજદારના નામજોગ ટ્રાન્સફર કરાવવાના હોય, મજકુર સર્ટીફીકેટો હાલ મા અમોને મળી આવેલ હોય, તેમજ ઉપરોકત વિગતે ના સર્ટીફીકેટમાવારસદારો તરીકે અરજદારનુ નામ દાખલ કરાવાનુ હોય જેથી, અરજદારને હાલની અરજી લાવવાની જરૂરત ઉત્પન્ન થયેલ છે.

(૧.૩) વાસ્તે અરજદારે હાલની અરજી લાવી અરજ કરેલ કે, :-

અરજદારના નામ જોગ સકસેશન સર્ટીફીકેટ મંજુર કરી શેડયુઅલ–અ ની વિગતે જણાવેલ તમામ સ્થાવર તથા જંગમ મીલકતો તથા બેંક ખાતાઓ, લોકર વિગેરે અન્વયે યોગ્ય કાર્યવાહી કરવા સબબ અમો અરજદાર ના નામજોગ નુ સકસેશન સર્ટીફીકેટ ઈશ્યુ કરવા હુકમ ફરમાવવા નમ્ર અરજ છે. તથા ન્યાય તથા સમન્યાયના ધોરણે અન્ય જે કોઈ દાદ અમો અરજદારને મળી શકે તેમ હોય તે તમામ દાદ અપાવવા અરજ કરેલ છે.

(૧.૪) **શિડ્યુલ –એ :**

(૧) સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, ગાંધી ચોક, જામખંભાળીયા મા આવેલ પ્રબોધ ઉર્ફે પ્રમોદભાઈ સી. મહેતા તથા કલ્પનાબેન સી. મહેતા ના ખાતા નં.૩૦૫૧૬૭૧૮૯૨૨ મા પડેલ રકમ.

(૨) સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર, ખંભાળીયા મા આવેલ લોકર નં. એ–૪૬૭ મા પડેલ તમામ ચીજ–વસ્તુ, દર–દાગીના, તેમજ અન્ય જે કાંઈપણ મજકુર લોકર માંથી મળી આવે તે તમામ.

૩) સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, ગાંધી ચોક, જામખંભાળીયા મા આવેલ સેવિંગ ખાતા મા પ્રબોધ ઉર્ફે પ્રમોદભાઈ સી. મહેતા તથા કલ્પનાબેન પી. મહેતા ના ખાતા નં.૧૪૨૫૦૫૯૫૩૫ મા પડેલ રકમ.

૪) સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, ગાંધી ચોક, જામખંભાળીયા મા આવેલ સેવિંગ ખાતા મા પ્રબોધ ઉર્ફે પ્રમોદભાઈ સી. મહેતા તથા કલ્પનાબેન પી. મહેતા ના ખાતા નં.૧૪૨૪૯૩૨૦૨૬ મા પડેલ રકમ.

૫) બેંક ઓફ બરોડા, ૧–વિશ્વકમાં નગર, જોધપુર ગેટ, જામખંભાળીયા, મા આવેલ સેવિંગ ખાતા મા પ્રબોધ ઉર્ફે પ્રમોદભાઈ પી. મહેતા તથા કલ્પનાબેન સી. મહેતા ના ખાતા નં.૬૫૨૭૦૧૦૦૦૦૭૫૦૧ મા પડેલ રકમ.

5) MCS Certificate, Unique Swayam Multistate Multipurpose Co–Op.Society Ltd. આશ્રમ રોડ, અમદાવાદ મુકામે આવેલ ફોલીયો નં.૩૩૬૫૦૭૯ મા પડેલ રકમ જેની મેચ્યોરીટ તારીખ: ૨૭/૧૨/૨૩ ના દિવાર ની હતી તે ડીપોઝીટ.

૭) યુનીક ફીકસ ડીપોઝીટ સ્કીમ મા પડેલ રકમ જેના ડીપોઝીટ નં.૩૦૯૨૪૧૧૭૨૩૪ જે ગુજ. કલ્પનાબેન પ્રબોધ ઉર્ફે પ્રમોદભાઈ છોટાલાલ મહેતા ના નામની છે જેની મેચ્યોરીટી તારીખ:૧૩/૦૧/૨૦૨૫ ની હોય, તે ડીપોઝીટ મા પડેલ રકમ.

૮) યુનીક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન – ૨૦૧૭ મા પડેલ ડીપોઝીટ જેના આઈ.ડી. નંબર ૧૫૧૩૦૧ છે તે ડીપોઝીટ મા પડેલ રકમ જેની મેચ્યોરીટી તારીખ૦૯/૦૯/૨૩ ના દિવારની હતી તે ડીપોઝીટ.

૯) MCS Certificate, Unique Swayam Multistate Multipurpose Co-Op.Society Ltd. આશ્રમ રોડ, અમદાવાદ મુકામે આવેલ ફોલીયો નં.૩૨૮૬૭૯૩ જેના નંબર ૦૨૪૫૨૪૭ છે તેમા પડેલ રકમ જેની મેચ્યોરીટ તારીખ:૧૮/૦૩/૨૨ ના દિવાર ની હતી તે ડીપોઝીટ.

૧૦) MCS Certificate, Unique Swayam Multistate Multipurpose Co-Op.Society Ltd. આશ્રમ રોડ, અમદાવાદ મુકામે આવેલ ફોલીયો નં.૩૩૬૯૪૬૫ છે તેમા પડેલ રકમ જેની મેચ્યોરીટ તારીખ:૨૪/૦૭/૨૩ ના દિવાર ની હતી તે ડીપોઝીટ.

૧૧) MCS Certificate, Unique Swayam Multistate Multipurpose Co-Op.Society Ltd, આશ્રમ રોડ, અમદાવાદ મુકામે આવેલ ફોલીયો નં.૩૨૯૪૦૪૯ જેના નંબર ૦૨૫૨૯૪૧ છે તેમા પડેલ રકમ જેની મેચ્યોરીટી તારીખ:૦૪/૦૪/૨૨ ના દિવાર ની હતી તે ડીપોઝીટ.

આ સિવાય પણ જો કોઈપણ બેંક મા ગુજરનાર પ્રબોધ ઉર્ફે પ્રમોદ છોટાલાલ મહેતા ના નામનુ ખાતુ, એફ.ડી. લોકર વિ. જે કાંઈપણ મળી આવે તે તમામ ઓપરેટ કરવા પણ

એડી. સીવીલ જજ
ખંભાળીયા

અરજદારને હાલનુ આ સકશેસન સર્ટીફીકેટ મેળવવાની અરજી લાવેલા છીએ.

**<u>અરજદાર તરફે મૌખીક તથા દસ્તાવેજી પુરાવો :-</u>**

(૨.) **સદર કામે વાદી તરફે દાવાના સમર્થનમાં નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરાવામાં આવેલ છે :**

**અરજદાર તરફે મૌખિક પુરાવો:-**

| અનુ.નં. | **વિગત** | અ◌ાંક |
| --- | --- | --- |
| ૧. | અરજદાર કીશોરભાઇ છોટાલલા મહેતાનુ સરતપાસનું સોગંદનામું | ૧૭ |
| ૨ | અરજદાર તરફે ચંદનબાળા ડો/ઓફ છોટાલાલ મહેતા, વા/ઓ પ્રવીણચંદ્ર દોશી નું સરતપાસનું સોગંદનામું | ૩૫ |
| ૩ | પૂર્વી ડો/ઓફ છોટાલાલ મહેતા, વા/ઓ જયરાજ વસાનું સરતપાસનું સોગંદનામું | ૩૬ |

**અરજદાર તરફે દસ્તાવેજી પુરાવો :-**

| **અનુ.નં.** | વિગત | **તારીખ** | **આંક** |
| --- | --- | --- | --- |
| ૧. | સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, ગાંધી ચોક, જામખંભાળીયા મા આવેલ પ્રબોધ ઉર્ફે પ્રમોદભાઈ સી. મહેતા તથા કલ્પનાબેન સી. મહેતા ના ખાતા નં.૩૦૫૧૬૭૧૮૯૨૨ મા પડેલ રકમ. | - | ૧૯ |

એડી. સીવીલ જજ
ખંભાળીયા

| | | | |
|---|---|---|---|
| ૨ | સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, ગાંધી ચોક, જામખંભાળીયા મા આવેલ સેવિંગ ખાતા મા પ્રબોધ ઉર્ફે પ્રમોદભાઈ સી. મહેતા તથા કલ્પનાબેન પી. મહેતા ના ખાતા નં.૧૪૨૫૦૫૯૫૩૫ મા પડેલ રકમ. | – | ૨૦ |
| ૩ | સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, ગાંધી ચોક, જામખંભાળીયા મા આવેલ સેવિંગ ખાતા મા પ્રબોધ ઉર્ફે પ્રમોદભાઈ સી. મહેતા તથા કલ્પનાબેન પી. મહેતા ના ખાતા નં.૧૪૨૪૯૩૨૦૨૬ મા પડેલ રકમ. | – | ૨૧ |
| ૪ | બેંક ઓફ બરોડા, ૧–વિશ્વકર્માં નગર, જોધપુર ગેટ, જામખંભાળીયા, મા આવેલ સેવિંગ ખાતા મા પ્રબોધ ઉર્ફે પ્રમોદભાઈ પી. મહેતા તથા કલ્પનાબેન સી. મહેતા ના ખાતા નં.૬૫૨૭૦૧૦૦૦૦૭૫૦૧ મા પડેલ રકમ. | – | ૨૨ |
| ૫ | **MCS Certificate, Unique Swayam Multistate Multipurpose Co–Op.Society Ltd.** આશ્રમ રોડ, અમદાવાદ મુકામે આવેલ ફોલીયો નં.૩૩૬૫૦૭૯ મા પડેલ રકમ જેની મેચ્યોરીટ તારીખ: ૨૭/૧૨/૨૩ ના દિવાર ની હતી તે ડીપોઝીટ. | – | ૨૩ |
| ૬ | યુનીક ફીક્સ ડીપોઝીટ સ્કીમ મા પડેલ રકમ જેના ડીપોઝીટ નં.૩૦૯૨૪૧૧૭૨૩૪ જે ગુજ. કલ્પનાબેન પ્રબોધ ઉર્ફે પ્રમોદભાઈ છોટાલાલ મહેતા ના નામની છે | – | ૨૪ |

એડી. સીવીલ જજ
ખંભાળીયા

| | | | |
|---|---|---|---|
| | જેની મેચ્યોરીટી તારીખ:૧૩/૦૧/૨૦૨૫ ની હોય, તે ડીપોઝીટ મા પડેલ રકમ. | | |
| ૭ | યુનીક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન – ૨૦૧૭ મા પડેલ ડીપોઝીટ જેના આઈ.ડી. નંબર ૧૫૧૩૦૧ છે તે ડીપોઝીટ મા પડેલ રકમ જેની મેચ્યોરીટી તારીખ૦૯/૦૯/૨૩ ના દિવારની હતી તે ડીપોઝીટ. | – | ૨૫ |
| ૮ | **MCS Certificate, Unique Swayam Multistate Multipurpose Co-Op.Society Ltd**. આશ્રમ રોડ, અમદાવાદ મુકામે આવેલ ફોલીયો નં.૩૨૮૬૭૯૩ જેના નંબર ૦૨૪૫૨૪૭ છે તેમા પડેલ રકમ જેની મેચ્યોરીટ તારીખ:૧૮/૦૩/૨૨ ના દિવાર ની હતી તે ડીપોઝીટ. | – | ૨૬ |
| ૯ | **MCS Certificate, Unique Swayam Multistate Multipurpose Co-Op.Society Ltd**. આશ્રમ રોડ, અમદાવાદ મુકામે આવેલ ફોલીયો નં.૩૩૬૯૪૬૫ છે તેમા પડેલ રકમ જેની મેચ્યોરીટ તારીખ:૨૪/૦૭/૨૩ ના દિવાર ની હતી તે ડીપોઝીટ. | – | ૨૭ |
| ૧૦ | **MCS Certificate, Unique Swayam Multistate Multipurpose Co-Op.Society Ltd**, આશ્રમ રોડ, અમદાવાદ મુકામે | | |

| | | | |
|---|---|---|---|
| | આવેલ ફોલીયો નં.૩૨૯૪૦૪૯ જેના નંબર ૦૨૫૨૯૪૧ છે તેમા પડેલ રકમ જેની મેચ્યોરીટી તારીખ:૦૪/૦૪/૨૨ ના દિવાર ની હતી તે ડીપોઝીટ. | | |
| ૧૧ | ગુજ.પ્રબોધભાઇ ઉર્ફે પ્રમોદભાઇ ના મરણના દાખલાની અટેસ્ટેડ નકલ | | ૨૮ |
| ૧૨ | ગુજ. કલ્પનાબેન પ્રબોધભાઇ ઉર્ફે પ્રમોદભાઇ ના મરણના દાખલાની અટેસ્ટેડ નકલ | | ૨૯ |

(૩.) ત્યારબાદ અરજદાર તરફે આંક-૩૭ થી કલોજીંગ પુરસીસ રજૂ કરી પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

(૪.૦) આ કામે અરજદાર તરફે તેમના વિ.વ.શ્રીએ અરજી મુજબની રજૂઆત કરેલ છે.

(૫.૧) આ કામે અરજદારે વારસા સર્ટિફિકેટ મેળવવા અગાઉ આ બાબતે જાહેર નોટીસ દૈનિક વર્તમાન પત્ર દિવ્ય ભાસ્કરમાં આવૃતિમાં તા. ૨૫/ ૦૬/૨૦૨૪ ના રોજ અરજદારોને માંગ્યા મુજબનું વારસા સર્ટિફિકેટ ઈસ્યુ કરવા સામે લાગતી વળગતી કોઈપણ વ્યકિતને વાંધો યા તકરાર હોય તો માહિતગાર વકીલ યા જાતે તા.૦૧/૦૮ /૨૦૨૪ સુધીમાં વાંધા રજૂ કરવા નોટીસ પ્રસિધ્ધ કરેલ છે, જે વર્તમાનપત્ર આ કામે માર્ક-૬/૧ થી રજુ છે. જે નોટીસનો અનુસંધાનમાં આજદીન સુધી કોઈ વ્યકિત હાજર થયેલ નથી કે કોઈ વાંધા રજૂ થયેલ નથી. આમ અરજદારની અરજી બિન તકરારી રહેલ છે.

(૫.૨) અરજદાર તરફે અરજદાર કીશોરભાઇ છોટાલલા મહેતાએ આંક-૧૭ થી સરતપાસનું સોગંદનામું રજૂ કરેલ છે અને તેમાં તેઓએ પોતાની અરજી મુજબની જ હકીકત જણાવેલ

છે અને આંક–૧૭ થી ૨૯ સુધીના દસ્તાવેજી પુરાવા પોતાના પુરાવામાં રીફર કરેલા છે. તેમજ અરજદારના પિતા પ્રમોદભાઇ છોટાલાલ મહેતા તા.૦૩/૦૨/૨૦૧૮ ના રોજ અવસાન પામેલ છે અને અમો અરજદારના માતૃશ્રી કલ્પનાબેન પ્રમોદભાઇ તા.૧૫/૦૧/૨૦૨૨ ના રોજ અવસાન પામેલ છે. અમો અરજદારના ગુજરનાર પિતા કીશોરભાઇ છોટાલલા મહેતા તથા ગુજરનાર માતૃશ્રી કલ્પનાબેન પ્રમોદભાઇ ખંભાલીયા સંયુકત નામે આવેલ એકાઉન્ટ તથા જે પર્સનલ તેમજ સચંકત નામે આવેલ સેવિંગ્સ સર્ટીફીકેટસ આવેલા છે. જે તમામ જંગમ મિલ્કતની વિગતો અંગેની વિગતો આ સાથે સામેલ પરિશિષ્ટ–એ.માં જણાવેલ છે. સદરહુ જંગમ મિલ્કતોમાં અરજદારનું કાયદેસરનું હિત સમાયેલ છે અને આ પરિશિષ્ટ –એ.ને હાલની અરજીનો ભાગ ગણવા અરજ છે. ગુજરનાર પિતા કીશોરભાઇ છોટાલલા મહેતા તથા ગુજરનાર માતૃશ્રી કલ્પનાબેન પ્રમોદભાઇ તેમની હૈયાતી દરમ્યાન પરિશિષ્ટ–એ માં જણાવેલ મિલ્કતો અંગે કોઈ વીલ, બક્ષીસ કે અન્ય કોઈ વ્યવસ્થા કરેલ નથી. જેથી વારસા સર્ટિફિકેટ મેળવવા અગાઉ આ બાબતે જાહેર નોટીસ દૈનિક વર્તમાન પત્ર દિવ્ય ભાસ્કરમાં આવૃતિમાં તા. ૨૫/ ૦૬/૨૦૨૪ ના રોજ અરજદારોને માંગ્યા મુજબનું વારસા સર્ટિફિકેટ ઈસ્યુ કરવા સામે લાગતી વળગતી કોઈપણ વ્યકિતને વાંધો યા તકરાર હોય તો માહિતગાર વકીલ યા જાતે તા. ૦૧/ ૦૮/૨૦૨૪ સુધીમાં વાંધા રજૂ કરવા નોટીસ પ્રસિધ્ધ કરેલ છે જે નોટીસનો અનુસંધાનમાં આજદીન સુધી કોઈ વ્યકિતને કોઈ વાંધા નહી હોવાનું જણાય છે. તેમજ આ કામે અરજદારના બહેન ચંદનબાળા છોટાલાલ મહેતાનું સરતપાસનું સોગંદનામું આંક–૩૫ થી રજૂ કરેલ છે તથા અરજદારના બહેન પૂર્વીબેન છોટાલાલ મહેતાનું સરતપાસનું સોગંદનામું આંક–૩૬ થી રજૂ કરેલ છે જેમાં તેઓએ પણ અરજદારની અરજી મુજબની હકીકત જણાવેલ છે તથા વધુમાં તેઓ બંને તેમના સરતપાસનું સોગંદનામાં

જણાવે છે કે, સદર અરજીની હકીકતથી અમો સંપુર્ણપણે વાકેફ છીએ અને જે અન્વયે અમો સોગંદનામું કરનારના ભાઈ કીશોરભાઈ છોટાલાલ મહેતાના નામે વારસા સર્ટીફીકેટ / લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન આપવામાં આવે તો તેમાં અમોને કોઈ વાંધો, તકરાર નથી.

(**૫.૩**) આમ, આ કામમાં રજુ થયેલ અરજદારનો તથા તેઓના બહેનોઓના સોગંદ પરનો પુરાવો, તમામ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં અરજદારના ગુજરનાર પિતા કીશોરભાઈ છોટાલલા મહેતા તથા ગુજરનાર માતૃશ્રી કલ્પનાબેન પ્રમોદભાઈના નામે અ ાવેલ છે. તેની વિગતો **શિડ્યુલ –એ** માં જણાવેલ છે. આમ, અરજદાર તથા તેઓના બહેનો સિવાય અન્ય કોઈ વારસોદાર ન હોવાનું રેકર્ડ ઉપરથી જણાય આવતું હોય જેથી તેનું વારસા સર્ટિફિકેટ મેળવવા અરજદાર હકકદાર હોવાનું નહીં માનવાને કોઈ કારણ નથી અને અરજદાર સિવાય કોઈ વ્યકિતએ વારસા સર્ટિફિકેટ મેળવવા કલેઈમ કરેલ નથી. તેમજ હાલના કામે અરજદારે કલમ–૩૭૨ મુજબ વારસા સર્ટિફિકેટ મેળવવા માગણી કરેલ છે. હાલના કામે અરજી બિનતકરારી છે અને ગુજરનારના આ સિવાય કોઈ વારસદારો હોવાનું રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી આ કાયદાની કલમ–૩૭૨ ની જોગવાઈ જોતાં અરજદાર તથા તેઓના બહેન વારસા સર્ટિફિકેટ મેળવવા હકકદાર બને છે. જેથી મુદ્દા નં. ૧ નો જવાબ "હકારમાં" આપી મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –: આખરી હુકમ :–

(૧.) આથી અરજદારની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨.) આ કામે અરજદારના ગુજરનાર પિતા કીશોરભાઈ છોટાલલા મહેતા તથા ગુજરનાર માતૃશ્રી કલ્પનાબેન પ્રમોદભાઈ તેમની હયાતી દરમ્યાન પર્સનલ તેમજ સયુંકત નામે આવેલ એકાઉન્ટ તથા જે પર્સનલ તેમજ સયુંકત નામે આવેલ સેવિંગ્સ

સર્ટીફીકેટસ આવેલા છે જે **શિડ્યુલ–એ** માં જણાવેલ છે,તે તમામ મળવાપાત્ર થતી વ્યાજ સહિતનું તમામ રકમનું ભારતીય વારસા હકક અધિનિયમની કલમ–૩૭૨ મુજબ વારસા સર્ટિફિકેટ અરજદાર જરૂરી કોર્ટ ફી સ્ટેમ્પ રજૂ કર્યેથી અરજદાના નામનું આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩.) ભારતીય સકસેશન અધિનિયમની કલમ ૩૭૫ અનુસાર, અરજદારને મળવાપાત્રઆ રકમની જામીનગીરી અને વ્યક્તિગત બોન્ડ રજૂ કરવાનો નિર્દેશ આપવામાં આવે છે.

(૪.) અરજીનો ખર્ચ અરજદારે જાતે ભોગવવો.

હુકમ આજ તા.૦૯, માહે–એપ્રીલ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં લખાવી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯–૦૪–૨૦૨૬
મુ.ખંભાળીયા

**(ધ્રુવરાજસિંહ બી.ચૌહાન)**
એડીશ્નલ સીવીલ જજ
ખંભાળીયા, જી.દેવભુમિ દ્વારકા
(JUDGE Code: GJ01732)

એડી. સીવીલ જજ
ખંભાળીયા